**CRMA S No. 126/2026**

सत्यमेव जयते

| | તારીખ | માસ | વર્ષ |
|---|---|---|---|
| દાખલ તારીખ: | ૩૦ | ૦૫ | ૨૦૨૬ |
| નોંધ્યા તારીખ: | ૩૦ | ૦૫ | ૨૦૨૬ |
| ફેંસલ તારીખ: | ૦૩ | ૦૬ | ૨૦૨૬ |
| **સમયગાળો:** | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | ૦૦ | ૦૦ | ૦૪ |

**દેવભૂમિ દ્વારકા જિલ્લાના મહેરબાન અધિક સત્ર ન્યાયાધીશ**

**સાહેબશ્રીની કોર્ટમાં, મુ.દ્વારકા સમક્ષ.**

**ફોજદારી પરચુરણ અરજી નં.: ૧૨૬/૨૦૨૬**
**આંક–૮.**

**અરજદાર:–** સોએબ હારૂનભાઈ ઢોકી,
ઉંમર વર્ષ : આશરે : ૩૮, ધંધો : માચ્છીમારીનો,
ઠેકાણું : રૂપેણ બંદર, છપરા વિસ્તાર,
તાલુકો : દ્વારકા, જિલ્લો : દેવભૂમિ દ્વારકા.
હાલ : જિલ્લા જેલ, જામનગર.

***//વિરૂધ્ધ//***

**સામાવાળા:–** સરકારશ્રી
થ્રુ.ડી.જી.પી.જામ ખંભાળીયા.

---

**બાબત:** **ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ૨૦૨૩ની કલમ– ૪૮૩ મુજબ રેગ્યુલર જામીન મેળવવા માટે અરજી**

---

અરજદાર તરફે વિદ્ધાન વકીલ શ્રી પી.એમ.ઠાકર
શ્રી સરકાર તરફે વિદ્ધાન એ.પી.પી.શ્રી.એ.એચ.વ્યાસ

---

**–:: આંક–૦૧ અન્વયે હુકમ ::–**

(૧) સદર કામે અરજદાર/આરોપી દ્ધારકા પોલીસ સ્ટેશનના ગુના રજીસ્ટર નં. ૧૧૧૮૫૦૦૨૨૬૦૬૮૫/૨૦૨૬ થી બી.એન.એસ.ની કલમ–૩૦૫(અ) તથા ૩૩૧(૩)ના કામે જયુડીશીયલ કસ્ટડીમા હોય, ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ૨૦૨૩ની કલમ ૪૮૩ હેઠળ રેગ્યુલર જામીન મેળવવા માટેની હાલની અરજી કરેલ છે.

(૨) અરજદાર/આરોપી તરફે વિદ્ધાન વકીલશ્રી, શ્રી સરકાર તરફે વિદ્ધાન એ.પી.પી. શ્રીને સાંભળ્યા તેમજ રજૂ થયેલ પોલીસ પેપર્સ અને તપાસનીશ અમલદારે રજૂ કરેલ એફીડેવીટ વંચાણે લીધા.

(૩) આ કામના ફરિયાદ પક્ષની ટુંકમા હકીકત એવી છે કે, આ કામના આરોપી નં. ૧ થી ૪ તથા ૬ તથા ૭ નાઓએ ફરિયાદી દ્ધારા સંચાલીત હોટલમાંથી પંખાઓ તથા ટી.વી. તથા એ.સી. તથા વાયરીંગ મળી કુલ કિં.રૂા.૪,૦૪,૫૦૦/– ના મુદ્દામાલની ચોરી કરેલ હોય અને આ કામના આરોપી નં. ૫ વાળાઓ ભંગારનો ધંધા કરતા

હોય અને આરોપી નં. ૫ નાઓએ આરોપી નં. ૧ થી ૪ વાળાઓ પાસે થી ઓછા ભાવમાં વાયર ખરીદી કરી આરોપીઓએ એકબીજાને મદદગારી કરી ગુન્હો કરેલ હોવાનો આક્ષેપ છે.

(૪) અરજદાર/આરોપી વિદ્વાન વકીલશ્રીએ તેમની દલીલોમા મુખ્યત્વે અરજીની હકીકતોને દોહરાવેલ છે અને એવી રજૂઆત કરેલી છે કે, અરજદાર/આરોપી તદ્દન નિર્દોષ છે. અરજદાર / આરોપીએ ફરિયાદમા જણાવેલ આક્ષેપ મુજબનો કોઈ ગુનો કરેલ નથી. અરજદારે કોઈ જ ગુન્હો કરેલ નથી. અરજદારને આ ગુન્હાના કામે ખોટી રીતે સંડોવેલ છે. અરજદાર ઉપર કોઈ જ ગુન્હાહીત ઈતિહાસ નથી,હાલનો આ પ્રકારે પ્રથમ આરોપ મુકેલ છે. સહ આરોપીને નામદાર કોર્ટે જામીન ઉપર મુકત કરેલ છે, જેથી અરજદાર / આરોપી સમાનતાનાં ધોરણે જામીન ઉપર મુકત થવા હકકદાર થાય છે. અરજદાર જામીન મુકત થયા બાદ પણ પોલીસને તપાસમાં સંપુર્ણ સહકાર આપશે તેવી ખાતરી આપે છે.પોલીસ જયાં અને જયારે બોલાવશે ત્યારે હાજર થશે અને ફરિયાદી તથા સાહેદોને કોઈપણ પ્રકારની ધાક,ધમકી કે લોભ લાલચ આપશે નહી અને આપ નામદાર કોર્ટ જે જે શરતો જણાવશો તે શરતોનું પાલન કરવાની અરજદાર/આરોપી ખાત્રી આપતા હોય અરજદાર/આરોપીની રેગ્યુલર જામીન અરજી મંજૂર કરવા રજૂઆત કરેલી છે.

(૫) શ્રી સરકાર તરફે વિદ્ધાન એ.પી.પી.શ્રીએ મુખ્યત્વે એવી દલીલ કરેલ છે કે, અરજદાર/ આરોપી વિરૂધ્ધ દ્ધારકા પોલીસ સ્ટેશનના ગુના રજીસ્ટર નં. ૧૧૧૮૫૦૦૨૨૬૦૬૮૫/૨૦૨૬ થી બી.એન.એસ.ની કલમ–૩૦૫(અ) તથા ૩૩૧(૩)ના મુજબનો ગુનો નોંધાયેલ છે. અરજદાર વિરૂધ્ધ ચોરી કર્યોનો ગંભીર આક્ષેપ છે. આ ગુન્હાના આરોપી ફરિયાદીની હોટલના તાળા તોડી પંખા,ટી.વી.એ.સી. તથા વાયર ચોરી કરી લઈ ગયેલ સ્પષ્ટ રીતે જણાય આવે છે. આ કામના આરોપી રીઢા અને ચોરી કરવાની ટેવવાળા છે.જો આરોપીને જામીન ઉપર મુકત કરવામા આવે તો પુરાવા સાથે છેડછાડ કરવાની સંભાવના રહેલી છે. વધુમાં વિદ્ધાન એ.પી.પી.શ્રીએ તપાસ કરનાર અમલદારે જે સોગંદનામું રજૂ કરેલ છે તે ધ્યાને લઈ અરજદાર/આરોપીની જામીન અરજી નામંજૂર કરવા અરજ કરેલ છે.

(૬) બંને પક્ષની રજૂઆતો, જામીન અરજીની હકીકત, રજૂ થયેલ તમામ પોલીસ પેપર્સ, તપાસ કરનાર અમલદારનું સોગંદનામું વગેરે ધ્યાને લીધા. અરજદાર/આરોપી ઉપર દ્ધારકા પોલીસ સ્ટેશનના ગુના રજીસ્ટર નં. ૧૧૧૮૫૦૦૨૨૬૦૬૮૫ /૨૦૨૬ થી બી.એન.એસ.ની કલમ–૩૦૫(અ) તથા ૩૩૧(૩)ના મુજબનો ગુનો નોંધાયેલ છે. રજૂ થયેલ પેપર્સ વંચાણે લેતાં સદર ગુનાની મોટાભાગની તપાસ પુર્ણ થઈ ગયેલ છે. અરજદાર/ આરોપીનો કોઈ ગુન્હાહીત ઈતિહાસ નથી. આ ગુનાના સહ આરોપીઓ જામીન ઉપર મુકત છે. જામીન ઉપર મુકત થયેલ આરોપીઓનો રોલ તથા હાલનાં

આરોપીનો રોલ જોતાં અરજદાર / આરોપી સમાનતાના ધોરણે જામીન ઉપર મુકત થવા હકકદાર થાય છે. તપાસ કરનાર અમલદારે જે દહેશતો વ્યકત કરેલ છે તેને ચોકકસ, કડક અને પ્રતિબંધિત શરતોને આધીન જામીન ઉપર મુકત કરી નિવારી શકાય તેમ છે. અરજદાર/આરોપીએ નામદાર કોર્ટની શરતોનું ચુસ્તપણે પાલન કરવાની અને મુદતે નિયમિત કોર્ટમા હાજર રહેવાની ખાતરી આપેલ છે. આ તમામ સંજોગો તથા અરજદાર/ આરોપીનો રોલ ધ્યાને લેતા અરજદાર/આરોપીને પ્રિ–ટ્રાયલ કન્વીકશનનો ભોગ ન બનવું પડે તે હકીકત લક્ષ્યમા રાખી ફરિયાદપક્ષના કેસની તથા સાહેદોની સુરક્ષા સુરક્ષા સુરક્ષિત કરી અરજદાર/આરોપીને લાંબા સમય જયુડીશ્યલ કસ્ટડીમા ન રાખતા તેમની ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ૨૦૨૩ ની કલમ ૪૮૩ હેઠળની રેગ્યુલર જામીન અરજી મંજૂર કરવી ન્યાયી, વ્યાજબી અને યોગ્ય જણાય છે. જેથી હાલની જામીન અરજી અંગે ન્યાયી, વિવેકબુધ્ધીની સત્તા વાપરવી જરૂરી જણાય છે.

(૭) વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતે સંજયચંદ્ર વિ. સી.બી.આઈ.ના કેસમા કે જે ચુકાદો ૨૦૧૨, ક્રિ. લો. જર્નલ પેજ નં. ૭૦૨ ઉપર પ્રસિધ્ધ થયેલ છે તે કેસમાં નામદાર સર્વોચ્ચ અદાલતે નકકી કરેલ સિધ્ધાંતો ધ્યાને લેતા, અરજદાર/આરોપી તરફે થયેલ દલીલો ગ્રાહય રાખી ન્યાયના વિશાળ હિતમા નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

## **–:: આખરી હુકમ ::–**

અરજદાર/આરોપીની ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ૨૦૨૩ની કલમ ૪૮૩ અન્વયેની ક્રીમીનલ પરચુરણ અરજી નં. ૧૨૬/૨૦૨૬ ના કામે આરોપીએ રૂા. ૨૫,૦૦૦/– (અંકે રૂપીયા પચ્ચીસ હજાર પુરા)ના સધ્ધર જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજૂ કર્યેથી નીચેની શરતોને આધીન આથી '' **મંજૂર** '' કરવામાં આવે છે.

## **– :: શ ર તો ::–**

(૧) અરજદાર/આરોપીએ ફરિયાદપક્ષના સાહેદને લોભ, લાલચ, ધાક, ધમકી કે પ્રલોભન આપી ફોડવાની કોશીષ કરવી નહી તેમજ ફરિયાદ પક્ષના પુરાવા સાથે કોઈ રીતે ચેડા કરવા નહી.

(૨) અરજદાર/આરોપીએ ચાર્જશીટ ના થાય ત્યાં સુધી સંબંધીત પો.સ્ટે.માં અંગ્રેજી માસની૧ થી ૫ તારીખમાં એક વખત સવાર ૧૧ થી ૫ વાગ્યાના સમયગાળા દરમ્યાન હાજરી પુરાવવી.

(૩) અરજદાર/આરોપીએ જામીન ઉપર મુકત થયેથી પોતાના હાલના રહેઠાણનું સરનામું અને કાયમી સરનામું આધારભુત પુરાવા સાથે રજૂ કરવાનુ રહેશે.અરજદારો/આરોપીએ પોતાના મોબાઈલ નંબર સંબંધીત કોર્ટમા રજૂ કરવા. જો રહેઠાણ સરનામામા મોબાઈલ નંબરમા ફેરફાર કરવાનો પ્રસંગ ઉભો થાય તો તેની જાણ ફેરફાર કર્યાના ૭ (સાત)દીવસમા સંબંધિત અદાલતમા લેખિતમા કરવાની રહેશે.

(૪) અરજદાર/આરોપી જો પાસપોર્ટ ધરાવતા હોય તો સંબંધિત અદાલતમાં જમા કરાવવો અન્યથા પાસપોર્ટ ન ધરાવતા હોય તો તે અં ગેનુ સોગંદનામું રજૂ કરવું.

(૫) અરજદાર/આરોપીએ ટ્રાયલ કોર્ટમા ઈન્સાફી કાર્યવાહી દરમિયાન નિયમિત રીતે હાજર રહેવું.

– જામીનની કાર્યવાહી સંબંધિત કોર્ટમાં કરવી.

– આ હુકમની યાદી સંબંધિત પોલીસ સ્ટેશન, જિલ્લા જેલ જામનગરને તથા સંબંધિત અદાલતને મોકલી આપવી.

આ હુકમની યાદી સંબંધિત પોલીસ સ્ટેશન તથા સંબંધિત અદાલતને મોકલી આપવી.

તા.૦૩–૦૬–૨૦૨૬,

સ્થળ:દ્વારકા.

(#STENO.:H.N.T.)

( કમલેશકુમાર સોમાભાઈ પટેલ )
અધિક સત્ર ન્યાયાધીશ,
દ્વારકા,
( જજ કોડ નં. જી જે ૦ ૦ ૫ ૩ ૨ )